# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 09-03-2026 Day: Monday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## ક્રિકેટ-શાનદાર જીત, અભિનંદન,ઉજવણી:

ભારતે ન્યૂઝીલેન્ડને 96 રન થી પરાસ્ત કરી ત્રીજી વખત અને સતત બેવાર ટી-20 વિશ્વ કપ જીતી ઐતિહાસિક અપ્રતિમ વિજય મેળવ્યો છે. અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ પર અંતિમ જંગમાં ભારતીય ટીમના 5 વિકેટે 255 રનના જવાબમાં ન્યુઝીલેન્ડની ટીમ 159 રનમાં આઉટ થઈ ગઈ હતી. જસપ્રિત બુમરાહે ચાર અને અક્ષર પટેલે ત્રણ વિકેટ ઝડપી ભારત ની જીતને આસાન બનાવી હતી. એ અગાઉ ભારતીય ટીમે 5 વિકેટ ગુમાવી 255 રન કર્યા હતા. સંજુ સેમસનએ સૌથી વધુ 89 રન જ્યારે ઈશાન કિશને 54 અને અભિષેક શર્મા એ 52 રન કર્યા હતા. ભારતે 2007માં પ્રથમવાર ટી-20 વિશ્વ કપ જીતવાની સફળતા મેળવી હતી. એ પછી 17 વર્ષ બાદ 2024માં બીજીવાર જીત મેળવી હતી. એ પછી સતત બીજીવાર ચેમ્પિયન બની ઐતિહાસિક સફળતા મેળવી છે. ખેલાડીઓને પ્રોત્સાહિત કરવા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ મેચ જોવા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારતીય ક્રિકેટ ટીમને ICC પુરુષ T20 વર્લ્ડ કપ જીતવા બદલ અભિનંદન પાઠવ્યા છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં પ્રધાનમંત્રીએ કહ્યું કે આ શાનદાર વિજય અસાધારણ કૌશલ્ય, દૃઢ નિશ્ચય અને ટીમવર્કને પ્રતિબિંબિત કરે છે. તેમણે કહ્યું કે આ જીતે દરેક ભારતીયના હૃદયને ગર્વ અને આનંદથી ભરી દીધું છે.

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ પણ આ જીતને શાનદાર વિજય ગણાવતા કહ્યું કે, ટીમ ઇન્ડિયાએ ઘર આંગણે ટ્રોફી જાળવી રાખીને દેશને ઉજવણી માટે વધુ એક અવિસ્મરણીય ક્ષણ આપી છે.

દરમ્યાન, ભારત સતત બીજીવાર ટી ટ્વેન્ટી વિશ્વ કપમાં વિજેતા બનતા સમગ્ર દેશમાં દેશમાં દિવાળી જેવો માહોલ સર્જાયો છે. ભુજ સહિત વિવિધ વિસ્તારોમાં ક્રિકેટ રસિકોએ ફટાકડા ફોડીને ઉજવણી કરી ભારતની જીતને વધાવી લીધી હતી.

---

## સંસદના બજેટ સત્રનો બીજા તબક્કાનો આજથી પ્રારંભ :

સંસદના બજેટ સત્રનો બીજો તબક્કો આજથી શરૂ થશે. આ સત્ર 2 એપ્રિલ સુધી ચાલુ રહેશે. લોકસભામાં આજે અધ્યક્ષ ઓમ બિરલાને હટાવવાના પ્રસ્તાવ પર ચર્ચા થશે. આ પ્રસ્તાવ કોંગ્રેસના ત્રણ સભ્યો: મોહમ્મદ જાવેદ, કે. સુરેશ અને મલ્લુ રવિ દ્વારા રજૂ કરવામાં આવશે. જો આ પ્રસ્તાવ લોકસભામાં પસાર થઈ જશે, તો ઓમ બિરલા કાર્યવાહીનું નેતૃત્વ કરશે નહીં પરંતુ તેના બદલે લોકસભાના સભ્યો વચ્ચે બેસશે.

---

## આજથી વિધાનસભાની બેઠક:

એક અઠવાડિયાની રજા બાદ આજે ગુજરાત વિધાનસભાની બેઠક મળશે. બપોરે 12 વાગે પ્રશ્નોત્તરી કાળથી બેઠકની શરૂઆત થશે. જેમાં નાયબ મુખ્યમંત્રી હસ્તકના ગૃહ, પોલીસ આવાસ, રમતગમત યુવા અને સાંસ્કૃતિક, ઉદ્યોગ, પ્રવાસન, કાયદો અને ન્યાયતંત્ર, યાત્રાધામ સહિતના વિભાગોના પ્રશ્નો પર ચર્ચા થશે. ઉપરાંત આદિજાતિ વિકાસ, ખાદી ગ્રામોદ્યોગ વિભાગની પણ પ્રશ્નોત્તરી હાથ ધરાશે.

---

## માંડવી APMC દ્વારા તુવેરની ટેકાના ભાવે ખરીદી:

માંડવીના એપી એમસી ખાતે ખેતીની જણસ તુવેરની ટેકાના ભાવે ખરીદીનો પ્રારંભ કરાયો હતો.રાજ્ય સરકાર વતી ખરીદ એજન્સી તરીકે ગુજકોમાસોલના માર્ગદર્શન હેઠળ માંડવી તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ દ્વારા ટેકાના ભાવે તુવેરની ખરીદી કરવામાં આવશે.

નોંધાયેલા 190 ખેડુતો પાસેથી પ્રતિ ક્વિન્ટલ 8000 મુજબ ખરીદી કરવામાં આવશે અને એક ખેડુતની મહત્તમ ખરીદી મર્યાદા બે હજાર પાંચસો કિલો મુજબ ખરીદવામાં આવશે. આ ઉપરાંત રાજ્ય સરકાર વિવિધ જણસીઓ જેવી કે કપાસ,મગફળી,મગ,અડદ,તુવેરની ટેકાના ભાવે ખરીદી કરીને ખેડુતોને પોષણક્ષમ ભાવ મળી રહે તેવી વ્યવસ્થા કરી છે.

---------------------------------------------------------------------------------------------------------

## કચ્છ-યુનિવર્સિટી દ્વારા ડીગ્રી પુર્ણ થયા બાદ જ સંકલિતમાર્કશીટની હાર્ડકોપી મળશે:

કચ્છ યુનિવર્સિટી દ્વારા ડિજિટલ ઇન્ડિયા અને નવી શિક્ષણ નીતિને વેગ આપવા મહત્વનો નિર્ણય અમલમાં મૂકાયો છે. અગાઉ વિદ્યાર્થીઓને દર સેમેસ્ટરે માર્કશીટની હાર્ડકોપી અપાતી હતી. હવે વિદ્યાર્થીઓને દર સેમેસ્ટરના બદલે ડિગ્રી પૂર્ણ થયા બાદ સંકલિત માર્કશીટની હાર્ડકોપી મળશે. સેમેસ્ટર પરીક્ષાના પરિણામ ઓનલાઇન અપલોડ થાય છે જેથી વિદ્યાર્થીઓ પોતાની જાતે પ્રિન્ટઆઉટ કરી શકે છે. આ નિર્ણયથી વિદ્યાર્થીઓને અનેક હાર્ડ કોપી સાચવવાની ઝંઝટમાંથી મુક્તિ અને ડિજિટલ માધ્યમને પ્રોત્સાહન મળશે.

---------------------------------------------------------------------------------------------------------

## ખેડુત તાલીમ:

ખેતી એક પારિવારિક માનવીય વ્યવસાય હોઈ તેમાં સૌ સહપરિવાર જોડાય તેવા આગ્રહ સાથે ખેતી વ્યવસાયના દરેક પાસાને સમજીને આયોજનપૂર્વક રીતે કૃષિ કરવાની વૈજ્ઞાનિક ઢબની સમજ રામકૃષ્ણ ટ્રસ્ટ દ્વારા 123મી તાલીમ શિબિર અંર્તગત અપાશે. જમીનની ઓળખ, જમીનનું પોષણ, જંતુરોધકો, રોગ અને જીવાતનું વ્યવસ્થાપન, સિંચાઇ વ્યવસ્થા, ખેડ અને વિખેડની પદ્ધતિઓ, ઔષધીય રોપા વાવેતર, ગાયનું ખેતીમાં અને સર્વાંગીણ મહત્ત્વ, મૂલ્યવર્ધન, બજાર વ્યવસ્થા વિગેરેની સમજ કૃષિ વૈજ્ઞાનિકો દ્વારા આગામી 12,13 અને 14 માર્ચ દરમ્યાન યોજાનારા વિવિધ સત્રોમાં આપવામાં આવશે. આ ઉપરાંત પૂર્ણ કમ્પોસ્ટ ખાતર તેમજ વિવિધ જંતુરોધકો વિશેના પ્રેક્ટિકલ સત્રો પણ ગોઠવવામાં આવશે.